# હાન્ના, એક સમર્થ પયગંબર
## ફાધર વર્ગીસ પૉલ

હાન્ના 'નવો કરાર'ની પયગંબર છે, પરંતુ તે 'જા઼નો કરાર'ના મુસાની બહેન મરિયમ (મહાપ્રસ્થાન ૧૫, ૨૦), દબોરા (કાજીઓ ૪,૧૦) તથા હુલદા (૨ રાજાઓ ૨૨,૧૪)ના જેવી પરંપરાની પયગંબર છે. હાન્ના નામનો અર્થ 'તરફેણ' કે 'દયા' એવો થાય છે.

લૂકનો શુભસંદેશ ખૂબ ટૂંકમાં હાન્નાનું એક ઉત્તમ ચિત્ર રજા઼ કરે છે. "આશેર કુળના ફનુએલની દીકરી હાન્ના નામે એક પયગંબર પણ ત્યાં હતી. તે ખૂબ ઘરડી હતી. લગ્ન પછી સાત વરસ તે પતિ સાથે રહી હતી, અને ત્યાર પછી ચોર્યાસી વરસની થતાં સુધી વિધવા તરીકે એકલી રહેતી આવી હતી. તે કદી મંદિર છોડીને જતી નહોતી પણ ઉપવાસ અને પ્રાર્થના કરતી રાતદિવસ ભક્તિમાં લીન રહેતી હતી. આ જ ક્ષણે ત્યાં આવી પહોંચીને તેણે ઈશ્વરની સ્તુતિ કરી અને જેઓ યરુશાલેમની મુક્તિની રાહ જોતા હતા તેમને સૌને ઈસુ સંબંધે વાતો કરી" (લૂક ૨, ૩૬-૩૮).

હાન્ના પયગંબર તરીકે ઓળખાય છે. પયગંબરનું કાર્ય દિવ્ય સંદેશ ફેલાવવાનું છે. ઘટનાની પહેલાં અને પછીની વાતોનું જ્ઞાન હાન્નાને મળ્યું છે અને તેના દ્વારા ઈશ્વર બીજા માણસોને પોતાનો દિવ્યસંદેશ પહોંચાડે છે.

હાન્નાની ગણતરી એવા પયગંબરોની પંક્તિમાં હોય છે કે જેમણે પેઢી દર પેઢી મસીહાના આગમનની સતત ઘોષણા કરી છે. પ્રભુના આત્માની પ્રેરણાથી હાન્ના મંદિરમાં એ જ સમયે આવી કે જ્યારે ઈસુનાં માબાપ તેમને ઈશ્વર ચરણે અર્પણ કરવા લઇ આવ્યાં હતાં.

બાળકને અને તેની માતાને તાકી-તાકીને જોતાં હાન્નાને જા઼ના કરારની ભવિષ્યવાણીઓની પરિપૂર્તિ થતી જણાઈ. હાન્નાને જા઼ના કરારની ભવિષ્યવાણીઓની પરિપૂર્તિ થતી જણાઈ. 'ઓલ ધ વીમેન ઑફ ધી બાઇબલ'માં હુબર્ટ લોક્યિર કહે છે, "પોતાના સુદીર્ઘ અને પ્રભુમય જીવન દરમિયાન તેનું દિલોદિમાગ જા઼ના કરારની એ ભવિષ્યવાણીમાં ઓતપ્રોત હતું કે જેમાં સર્પના મસ્તકને છૂંદી નાખનાર સ્ત્રીના ગર્ભની વાત આવે છે. ખ્રિસ્તની નિરંતર પ્રતીક્ષા કરતાં સીમિયોનની સાથોસાથ તે હાન્ના પણ માનતી હતી કે મરિયમનો પહેલા ખોળાનો પુત્ર ખરેખર દાવિદના વંશરૂપી ઠૂંઠાંમાંથી ફૂટેલો ફણગો હતો" (યશાયા ૧૧:૧; મિખા ૫, ૨).

હાન્નાના પરિવાર અને તેના વંશ અંગે આપણે ખૂબ ઓછું જાણીએ છીએ, સિવાય કે તે ફનુએલની દીકરી હતી. ફનુએલ અશેર કુળનો હતો. લગ્ન પછી સાત વર્ષ હાન્ના

પતિ સાથે રહી, પછી વિધવા થઇ. લૂક કહે છે કે મંદિરમાં ઈસુને સમર્પણ કરવામાં આવ્યું ત્યારે હાન્ના ૮૪ વર્ષની હતી.

પોતાના વૈધવ્યકાળ દરમિયાન તે યરુશાલેમના મંદિરમાં જ પ્રાર્થના અને સેવાપૂજામાં પરોવાતી રહી. મંદિરમાં સેવાપૂજા કરતાં-કરતાં જ તે ઘરડી થઇ. પોતાના વૈધવ્યકાળ દરમ્યાન જીવનમાં કદી મંદિર ન છોડીને તેણે ઈશ્વર સાથેના અંતરંગ સંબંધને ખેડ્યો ને પોષ્યો. પ્રભુ તેની ઊર્જા અને શક્તિનો સોત હતા. તેણે પ્રભુની ઇચ્છા જાણી અને પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે તેને અનુસરતી રહી.

મંદિરમાં પ્રાર્થના, ઉપવાસ અને પૂજા તેનો નિત્યક્રમ હતો. એટલે પ્રભુ પરમેશ્વરે બાળ ઈસુ તથા તેમનાં માબાપને મળવાનો વિશેષાધિકાર તેને આપ્યો. મંદિરમાં નિયમિતપણે પૂજા માટે આવતા લોકો માટે હાન્ના ચોક્કસપણે એક જાણીતી ભક્ત-મહિલા રહી હશે. તે પોતાના જીવનની પરિપૂર્ણતા ઈસુ અને તેમનાં માતાના દર્શનમાં નિહાળે છે. તે હવે પોતાના માટે નવી ભૂમિકા જા ુએ છે. જેમને જેમને તે મળે છે તેઓ બધાને તે ઈસુની ઘોષણા કરે છે. લૂક કહે છે, "આ જ ક્ષણે ત્યાં આવી પહોંચીને તેણે ઈશ્વરની સ્તુતિ કરી અને જેઓ યરુશાલેમની મુક્તિની રાહ જોતા હતા તેમને સૌને ઈસુ સંબંધે વાતો કરી." (લૂક ૨,૩૮). આમ હાન્ના ઈસુની પ્રથમ મિશનરી બની રહી.

હાન્ના માટે અનિતા, હાન્ના, અન્નામ્મા, અન્નાકુટ્ટી, વગેરે વિવિધ સ્વરૂપનાં નામો પ્રચલિત છે. વિશ્વભરમાં હજારો ને લાખો છોકરીઓનું નામકરણ હાન્ના અથવા એ નામના વિવિધ સ્વરૂપમાં કરાય છે, તે હાન્ના નામની લોકપ્રિયતા દર્શાવે છે. દેવળ, શાળાઓ કે હૉસ્પિટલો વગેરે ખ્રિસ્તી સંસ્થાઓને પણ તેનું નામ અપાય છે. તેના નામથી શરૂ થતા ઘ ણા ધાર્મિક સંન્યાસિની સંઘો પણ છે.